### સત્તાધીશોએ બનાવેલી કમિટિની પહેલી બેઠક આજે

# યુનિ.માં ચાલતા હાયર પેમેન્ટ કોર્સના નિયમોને રિવ્યૂ કરાશે

વડોદરા,બુધવાર

એમ.એસ.યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીઓમાં ૫૦ કરતા પણ વધારે હાયર પેમેન્ટ કોર્સ એટલે કે સેલ્ફ ફાઈનાન્સ કોર્સ ચાલે છે.આ કોર્સ માટે જે ધારાધોરણો અમલમાં છે તેનો રિવ્યૂ કરવાનુ નક્કી કરાયુ છે.

આ માટે સત્તાધીશોએ ૧૬ સભ્યોની એક કમિટિ બનાવી છે.જેમાં વાઈસ ચાન્સેલરની સાથે સાથે હાયર પેમેન્ટ પ્રોગ્રામના ડાયરેક્ટર , સાત ફેકલ્ટીના ડીન, ત્રણ વરિષ્ઠ અધ્યાપકો, એક સિન્ડિકેટ સભ્ય તેમજ રજિસ્ટ્રાર અને જોઈન્ટ રજિસ્ટ્રારનો સમાવેશ કરાયો છે.

સૂત્રોના કહેવા અનુસાર આ કમિટિની પહેલી બેઠક ૨૪ નવેમ્બર, ગુરુવારે બોલાવવામાં આવી છે.હાયર પેમેન્ટ કોર્સના નિયમોમાં ચાર વર્ષ પહેલા ફેરફાર કરવામાં આવ્યા હતા.જોકે હવે દરેક ફેકલ્ટીમાં એક કરતા વધારે હાયર પેમેન્ટ કોર્સ ચાલી રહ્યા છે ત્યારે તેની ગાઈડ લાઈન્સને સમયાંતરે અપડેટ કરવી જરુરી છે તેવુ સત્તાધીશોનુ માનવુ છે.

ઉલ્લેખનીય છે કે, પરિણામો ઝડપથી આવે અને પરીક્ષા સમયસર લેવાય તે માટે પણ યુનિવર્સિટી સત્તાધીશોએ આ જ પ્રકારની કમિટિ બનાવી છે અને તેની કામગીરી હાલમાં ચાલી રહી છે.


વિતરકો જોઈએ છે

એક જાણીતી અને સૌથી ઝડપથી વિકસતી વૈશ્વિક FMCG એનર્જી ડ્રીંક બ્રાન્ડ તેની વૈશ્વિક વિસ્તરણ યોજનાના ભાગરૂપે ગુજરાતના તમામ મુખ્ય જીલ્લાઓમાં વિતરકોની શોધમાં છે. મજબૂત નાણાંકીય સ્થિતી અને જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર ધરાવતા વ્યવસાયિક વિતરકોને તેના ઉત્પાદનોના વેચાણ અને વિતરણ માટે અધિકૃત વિતરકની સ્થિતી માટે આમંત્રિત કરવામાં આવે છે.

રસ ધરાવતા પાર્ટી સંપર્ક કરે.

77770 31700 - 77770 15300

90294 29861

અથવા તમારી વિગતો ઈમેલ કરો

gulfbeverages.gujarat@gmail.com

Celebrating

BRIGHT PLAY

ADMISSION

Forms for PLAYGRO

will be available from

24th November 2022 be

9:00a.m. & 12:00noon at sch

Vasna– Bhaili Ro

VIP Road - Vadod

Registration forms for Std. I to V

available from 24th Novem